# પ્રેસનોટ

## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 'પ્રાકૃતિક કૃષિ' તાલીમ કાર્યક્રમ યોજાયો

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આણંદ જિલ્લાના ખેડૂતોના ખેતર પર પ્રાકૃતિક કૃષિના અખતરા માટે પસંદ કરેલા ખેડૂતો માટે તા. ૦૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ એક દિવસીય પ્રાકૃતિક કૃષિનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સદર તાલીમમાં આણંદ જિલ્લાના પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવતા કુલ ૨૭ ખેડૂતોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. સદર તાલીમના ઉદ્ઘાટન સમારોહમાં માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદ ડો. કે. બી. કથીરીયાએ અધ્યક્ષ સ્થાનેથી જણાવેલ કે, યુનિવર્સિટી જે પ્રમાણે સંશોધનના અખતરાઓનું આયોજન કરે છે તેજ રીતે પ્રાકૃતિક કૃષિના અખતરાનુ આયોજન ખેડૂતોની ભાગીદારી થી ખેડૂતોના ખેતર ઉપર વૈજ્ઞાનિકોના સિધા માર્ગદર્શન હેઠળ ગોઠવવામાં આવેલ છે. જેનો મુખ્ય હેતુ અન્ય ખેડૂતો પણ પ્રાકૃતિક કૃષિ તરફ પ્રેરાય તે છે. સદર અખતરાઓની યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા રૂબરૂ મુલાકાત લઈ જમીનના નમૂના લેવા, તેનું પૃથ્થકરણ કરવુ તથા પાકના અવલોકનો લેવા વગેરે બાબતો હાથ ધરવામાં આવશે. વધુમાં તેમણે સદર અખતરાઓમાં પ્રાકૃતિક કૃષિના તમામ આયામોનો ઉપયોગ કરવા ખેડૂતોને પ્રોત્સાહિત કરેલ જેથી પ્રાકૃતિક કૃષિના સારા પરિણામ મેળવી શકાય.

આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામક, ડો. જે. કે. પટેલએ જણાવ્યું કે, આ એક વિશેષ પ્રકારની તાલીમ છે, જેમાં ખેડૂતોની ભાગીદારીથી ખેડૂતોના ખેતર ઉપર ગોઠવવામાં આવેલ અખતરાઓમાં ખેડૂતોને સીધેસીધા સાંકળી શકાય છે. જેનાથી અન્ય ખેડૂતો, પ્રાકૃતિક ખેતીના અખતરાની રૂબરૂ મુલાકાત કરી તેમને મૂંજવતા પ્રશ્નોનું નિરાકરણ લાવી અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવા પ્રેરિત કરી શકે. આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ડો. વાય. એમ. શુક્લાએ જણાવેલ કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન વધે છે, ખેતી ખર્ચ ઘટે છે, આવકમાં વધારો થાય છે, પર્યાવરણનું જતન થાય છે, તેમજ જમીનની ફળદ્રુપતા વધે છે.

આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો જેવા કે, પોષણ વ્યવસ્થા માટે જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, પાક-સંરક્ષણ માટે નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણિ અર્ક, આચ્છાદન, મિશ્રપાકોની પસંદગી તથા દેશી ગાયનું મહત્વ વગેરે અંગેની પ્રાયોગીક તાલીમ આપવામાં આવી હતી. તેમજ નિષ્ણાતો દ્વારા પ્રાકૃતિક ખેતીમાં આવતી મુશ્કેલીઓ-સમાધાન-ઉકેલ વિષે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ, જેથી ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી તરફનો અભિગમ વધે અને તેઓ રસાયણમુક્ત અનાજ-શાકભાજી-

ફળ વગેરે પેદા કરી વધુ સારૂ વળતર મેળવી શકે એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ પ્રાકૃતિક કૃષિના સંશોધન અખતરાઓની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવેલ.

તાલીમ કાર્યક્રમના અંતે પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવેલ હતું અને પ્રાકૃતિક કૃષિના કાર્યક્રમના અંતમાં તાલીમ લીધેલ ખેડૂતોનો અભિપ્રાય પણ લેવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડો. પી. એમ. પટેલ, ડો. જી. એન. મોટકા, અને ડો. એ. પી. પટેલ દ્વારા  પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

## પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમની ઝાંખી

